Memorial Sloan Kettering
Cancer Center

દર્દી અને સંભાળદાતા શિક્ષણ

# તમારા માયલોગ્રામ વિશે

આ માહિતી તમને MSKમાં તમારા માયલોગ્રામ માટે તૈયાર કરવામાં મદદ કરશે.

માયલોગ્રામ એક એવી પ્રોસીઝર છે જેમાં તમારી કરોડ, કરોડરજ્જુ અને તેની આસપાસની પેશીઓની તપાસ કરવામાં આવે છે. તમારા માયલોગ્રામ દરમિયાન, તમારા ડૉક્ટર તમારી સ્પાઈનલ કેનાલમાં કોન્ટ્રાસ્ટ ડાઈ ઈન્જેક્ટ કરશે. આનાથી તમારી કરોડરજ્જુ અને એની આસપાસની પેશીઓ]ને વધુ સ્પષ્ટ રીતે જોવામાં તમારા ડૉક્ટરને મદદ મળશે. કોન્ટ્રાસ્ટ ડાઈ તમારી કરોડરજ્જુમાં દરેક જગ્યાએ પ્રસરી જાય પછી તમારા ડૉક્ટર તમારી કરોડના ફોટો લેશે.

## તમારી પ્રક્રિયા પહેલા

તમારા સ્વાસ્થ્ય સારવાર પ્રદાતા સાથે વાત કરો જો તમને:

- ઇન્ટ્રાવેનસ (IV) કોન્ટ્રાસ્ટ ડાઈ પ્રત્યે એલજીર્ હોય. કોન્ટ્રાસ્ટ ડાઈ એવી ખાસ ડાઈ છે જે તમારા સ્વાસ્થ્ય સારવાર પ્રદાતા માટે તમારા આંતરિક અંગો જોવાનું કામ સરળ બનાવે છે.
- પીડા અથવા શ્વાસ લેવાની સમસ્યાના કારણે તમારા પેટ પર સપાટ ઉંધા સૂઈ શકતા ન હોવ.
- પ્રોક્લોરોપીરેઝાઈન (Compazine®) લો. તમારી પ્રોસીઝરના 24 કલાક (1 દિવસ) પહેલા તમારે એ લેવાનું બંધ કરવાની જરૂર પડશે. જો તમને જરૂર પડે તો તમારા સ્વાસ્થ્ય સારવાર પ્રદાતા તમને બીજી કોઈ દવા લખી આપશે.

### તમારી દવાઓ વિશે પૂછો

તમારી કાયર્પ્રણાલી પહેલાં તમારે તમારી કેટલીક સામાન્ય દવાઓ લેવાનું બંધ કરવાની જરૂર પડી શકે છે. કઈ દવાઓ લેવાનું બંધ કરવું તમારા માટે સલામત છે તે વિશે તમારા આરોગ્યસંભાળ પ્રદાતા સાથે વાત કરો.

અમે નીચે કેટલાક સામાન્ય ઉદાહરણો સામેલ કયાર્ છે, પરંતુ અન્ય છે. **એ સુનિશ્ચિત કરો કે તમારી સંભાળ લેનારી ટીમને તમે લો છો તે તમામ પ્રિસ્ક્રિપ્શન અને ઓવર-ધ-કાઉન્ટર દવાઓ વિશે જાણે છે.** પ્રિસ્ક્રિપ્શન દવા તે છે જે તમે ફક્ત આરોગ્યસંભાળ પ્રદાતાના પ્રિસ્ક્રિપ્શન સાથે જ મેળવી શકો છો. ઓવર-ધ-કાઉન્ટર દવાઓ એવી દવા છે જે તમે પ્રિસ્ક્રિપ્શન વિના ખરીદી શકો છો.

તમારી કાયર્પર્ણાલી પહેલાંના દિવસોમાં તમારી દવાઓ યોગ્ય રીતે લેવી ખૂબ જ મહત્વપૂણર્ છે. જો તમે તેમ ન કરો, તો અમારે તમારી કાયર્પર્ણાલી રદ કરવાની જરૂર પડી શકે છે.

## લોહી પાતળું કરનાર (એન્ટીકોગ્યુલેન્ટ્સ)

લોહી પાતળું કરવું એ એક દવા છે જે તમારા લોહીના ગંઠાવાની રીતને બદલે છે.

જો તમે લોહી પાતળું કરતી દવાઓ લો છો, તો તમારી પર્કિર્યા હાથ ધરતા આરોગ્ય સંભાળ પર્દાતાને તમારી પર્કિર્યા પહેલાં શું કરવું તે પૂછો. તેઓ તમને તમારી કાયર્પર્ણાલીના અમુક દિવસો પહેલાં દવા લેવાનું બંધ કરવાનું કહી શકે છે. આનો આધાર તમે કેવા પર્કારની કાયર્પર્ણાલી કરી રહ્યા છો અને તમે લોહી પાતળું કરવાની દવા કયા કારણસર લઈ રહ્યા છો તેના પર રહેલો છે.

સામાન્ય લોહીને પાતળા કરનારના ઉદાહરણો નીચે દશાર્વ્યા છે. અન્ય પણ છે, તેથી ખાતરી કરો કે તમારી સંભાળ લેનારી ટીમ તમે લો છો તે તમામ દવાઓ વિશે જાણે છે. **તમારી સંભાળ ટીમના કોઈ સભ્ય સાથે વાત કયાર્ વિના તમારી લોહી પાતળું કરવાની દવા લેવાનું બંધ કરશો નહીં.**

- એપિક્સાબન (Eliquis®)
- એસ્પિરિન
- સેલેકોક્સિબ (Celebrex®)
- સિલોસ્ટેઝોલ (Pletal®)
- ક્લોપિડોગરેલ (Plavix®)
- ડેબીગાટરાન (Pradaxa®)
- ડેલ્ટેપરિન (Fragmin®)
- ડિપાયરિડામોલ (Persantine®)
- એડોક્સાબન (Savaysa®)
- એનોક્સાપરીન (લવનોક્સ®)
- ફોન્ડાપરિનક્સ (Lovenox®)
- હેપરિન (તમારી ત્વચાની નીચે આપવામાં આવેલ)
- મેલોક્સીકેમ (Mobic®)
- નોનસ્ટીરોઈડલ બળતરા વિરોધી દવાઓ (NSAIDs), જેમ કે આઇબુપર્ોફેન (Advil®, Motrin®) અને નેપર્ોક્સેન (Aleve®)
- પેન્ટોક્સિફેલાઇન (Trental®)
- પરાસુગરેલ (Effient®)
- રીવારોક્સાબન (Xarelto®)
- સલ્ફાસલાઝીન (Azulfidine®, Sulfazine®)
- ટિકાગરેલોર (Brilinta®)
- ટિન્ઝાપારિન (Innohep®)
- વોરફરીન (Jantoven®, Coumadin®)

વાંચો *How To Check if a Medicine or Supplement Has Aspirin, Other NSAIDs, Vitamin E, or Fish Oil* (www.mskcc.org/cancer-care/patient-education/common-medications-containing-aspirin-and-other-nonsteroidal-anti-inflammatory-drugs-

nsaids). તેમાં દવાઓ વિશેની માહિતી છે જે તમારે તમારી સજર્રી પહેલા લેવાની ટાળવી જોઈએ.

### ડાયાબિટીસની દવાઓ

જો તમે ઇસ્યુલિન અથવા ડાયાબિટીસની અન્ય દવાઓ લો છો, તો તમારે કાયર્પર્ણાલી પહેલાં શું કરવું તે અંગે પિર્સ્કર્ાઇબ કરનાર આરોગ્ય સંભાળ પર્દાતાને પૂછો. તમારે તેને લેવાનું બંધ કરવાની અથવા સામાન્ય કરતા અલગ ડોઝ (જથ્થો) લેવાની જરૂર પડી શકે છે. તમારે તમારી કાયર્પર્ણાલી પહેલાં ખાવા-પીવા અંગેની વિવિધ સૂચનાઓનું પાલન કરવાની પણ જરૂર પડી શકે છે. તમારા આરોગ્ય સંભાળ પર્દાતાની સૂચનાઓનું પાલન કરો.

તમારી સંભાળ ટીમ તમારા ઓપરેશન દરમિયાન તમારા લોહીમાં શકર્રાના સ્તરને ચકાસશે.

### મૂતર્વધર્ક દવા (પાણીની ગોળીઓ)

મૂતર્વધર્ક પદાથર્ એ એક દવા છે જે તમારા શરીરમાં પર્વાહી નિમાર્ણને નિયંતિર્ત કરવામાં મદદ કરે છે. હાઇડર્ોક્લોરોથાઇઝાઇડ (Microzide®) અને ફ્યુરોસેમાઇડ (Lasix®) મૂતર્વધર્ક પદાથર્ના ઉદાહરણો છે.

જો તમે મૂતર્વધર્ક દવા લો છો, તો તમારી કાયર્પર્ણાલી હાથ ધરી રહેલા આરોગ્ય સંભાળ પર્દાતાને તમારી કાયર્પર્ણાલી પહેલાં શું કરવું તે પૂછો. તમારે તમારી કાયર્પર્ણાલીના દિવસે તેને લેવાનું બંધ કરવાની જરૂર પડી શકે છે.

## તમારી ત્વચા પરથી ઉપકરણોને દૂર કરો

તમે તમારી ત્વચા પર ચોક્કસ ડિવાઇસો પહેરી શકો છો. તમારું સ્કેન અથવા પર્કિર્યા પહેલાં, ડિવાઇસ બનાવનાર ભલામણ કરે છે કે તમે તમારા ડિવાઇસ ઉતારો:

- સતત ગ્લુકોઝનું મોનિટરિંગ (CGM)
- ઇન્સ્યુલિન પંપ

તમારે તમારા ઉપકરણને બદલવાની જરૂર હોય તે તારીખની નજીક તમારી અપોઇન્ટમેન્ટના શેડ્યૂલ વિશે તમારા આરોગ્યસંભાળ પર્દાતા સાથે વાત કરો. ખાતરી કરી લો કે તમારી પાસે તમારી સ્કેન અથવા પર્કિર્યા પછી ચાલુ કરવા માટે તમારી સાથે એક વધારાનું ઉપકરણ છે.

જ્યારે તમારું ડિવાઇસ બંધ હોય ત્યારે તમારા ગ્લુકોઝનું સંચાલન કેવી રીતે કરવું તે વિશે તમને ખાતરી ન હોઈ શકે. જો એમ હોય તો, તમારી એપોઇન્ટમેન્ટ પહેલાં, તમારી ડાયાબિટીસની કાળજીનું સંચાલન કરતા આરોગ્યસંભાળ પર્દાતા સાથે વાત કરો.

## કોઈ તમને ઘરે લઈ જાય તે માટેની વ્યવસ્થા કરવી

ઓપરેશન પછી તમને ઘરે લઈ જવા માટે તમારી સારવાર કરનાર જવાબદાર વ્યક્તિ હોવો આવશ્યક છે. સારવાર કરનાર જવાબદાર વ્યક્તિ તે છે જે તમને સલામત રીતે ઘરે પહોંચવામાં મદદ કરી શકે છે. જો તેમને કોઈ ચિંતા હોય

તો તેઓ તમારી સારવાર ટીમનો સંપકર્ કરવા માટે સમથર્ હોવા જોઈએ. તમારા ઓપરેશનના દિવસ પહેલાં તેનું આયોજન કરવાની ખાતરી કરો.

જો તમારી પાસે ઘરે લઈ જવા માટે સારવાર કરનાર જવાબદાર વ્યક્તિ ન હોય, તો નીચેની કોઈ એક એજન્સીનો સંપકર્ કરો. તેઓ તમારી સાથે ઘરે જવા માટે કોઈને મોકલશે. આ સેવા માટે શુલ્ક છે અને તમારે પરિવહન પૂરું પાડવું પડશે. ટેક્સી અથવા કાર સેવાનો ઉપયોગ કરવો એ બરાબર છે, પરંતુ તમારે હજી પણ તમારી સારવાર કરનાર જવાબદાર વ્યક્તિની જરૂર છે.

**ન્યુ યોકર્માં એજન્સીઓ**

વીએનએસ (VNS) સ્વાસ્થ્ય: 888-735-8913

સંભાળ રાખનારા લોકોના સંપકર્ નં.: 877-227-4649

**ન્યુ જસીર્માં એજન્સીઓ**

સંભાળ રાખનારા લોકોના સંપકર્ નં.: 877-227-4649

# મુસાફરી

તમારી પર્ોસીઝરના 24 કલાકની અંદર જો તમારે એરપ્લેનમાં બેસીને મુસાફરી કરવાનું કોઈ આયોજન હોય તો તમારા સ્વાસ્થ્ય સારવાર પર્દાતા સાથે વાત કરો.

# જો તમે બીમાર હોવ તો અમને જણાવો

જો તમે તમારા ઓપરેશન પહેલાં બીમાર (તાવ, શરદી, ગળામાં દુઃખાવો અથવા ફ્લૂ સહિત) પડો, તો તમારા આઈઆર ડૉક્ટરનો સંપકર્ કરો. તમે તેમને સોમવારથી શુકર્વાર સુધી સવારે 9 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી કોલ કરી શકો છો.

સાંજે 5 વાગ્યા પછી, શનિ-રવિ અને રજાઓમાં, 212-639-2000 પર કોલ કરો. કોલ પર ઇન્ટરવેન્શનલ રેડિયોલોજી ફેલો માટે પૂછો.

# તમારી પર્ોસીઝરના સમયની નોંધ કરો

તમારી પર્ોસીઝરના 2 કામકાજના દિવસો પહેલા (સોમવારથી શુકર્વાર સુધીમાં) જનરલ રેડિયોલોજિમાંથી કોઈ સ્ટાફના સભ્ય તમને કોલ કરશે. જો તમારી પર્ોસીઝર સોમવારે ગોઠવી હોય, તો તમને ગુરૂવારે અગાઉ કોલ કરવામાં આવશે.

તમારી પર્ોસીઝર માટે તમારે કેટલા વાગે હોસ્પિટલ પહોંચી જવું જોઈએ એ સ્ટાફના સભ્ય તમને જણાવશે. તમારી પર્ોસીઝર માટે તમારે ક્યાં જવાનું છે એ પણ તેઓ તમને જણાવશે. તમારી પર્ોસીઝરના કાયર્ દિવસની બપોર સુધીમાં તમારા પર કોલ ન આવે તો 212-639-7298 પર કોલ કરો.

જો કોઈ કારણસર તમારે તમારી પર્ોસીઝર રદ કરવાની જરૂર પડે તો જે સ્વાસ્થ્ય સારવાર પર્દાતાએ તમારા માટે તેને નિધાર્રિત કરી હતી એમને કોલ કરો.

# તમારા ઓપરેશનનો દિવસ

તમારી પર્ોસીઝરના દિવસે તમે હળવું ભોજન લઈ શકો છો, સિવાય કે તમારા સ્વાસ્થ્ય સારવાર પર્દાતા તમને બીજી કોઈ સૂચના આપે. એ યાદ રાખવું પણ અગત્યનું છે કે તમારી પર્ોસીઝર દરમિયાન તમારે તમારા પેટ પર ઉંધા સૂઈ રહેવાનું રહેશે.

## ક્યાં જવાનું છે

પાકિર્ંગની માહિતી અને તમામ MSK સ્થાનો માટેના દિશાનિદેર્શો માટે www.msk.org/parking મુલાકાત લો.

425 East 67th Street પર આવેલ પર્વેશદ્વારથી મેમોરિયલ હોસ્પિટલમાં પર્વેશ કરો. R એલિવેટરને 2જા માળે લઈ જાઓ. રિસેપ્શન ડેસ્ક પર ચેક-ઇન કયાર્ પછી, સ્ટાફનો એક સભ્ય તમને નસિર્ંગ યુનિટમાં લાવશે.

## શું અપેક્ષા રાખવી

એક વાર તમે હોસ્પિટલમાં આવી પહોંચો પછી ડૉક્ટસર્, નસર્ અને અન્ય કમર્ચારી સદસ્યો તમને એકથી વધુ વાર તમારું નામ અને જન્મ તારીખ જણાવવા માટે કહેશે. આ તમારી સલામતી માટે છે. આ જ નામના અથવા તેના જેવા નામના બીજા લોકોની પણ આ દિવસે પર્કિર્યા કરવાની હોઈ શકે છે.

# તમારી પર્કિર્યા દરમિયાન

તમારા માયલોગર્ામનો સમય આવશે ત્યારે તમને તમારા કપડા બદલીને હોસ્પિટલ ગાઉન પહેરી લેવાનું કહેવામાં આવશે. તમારા ટેકનોલોજિસ્ટ તમને સ્કેનીંગ રૂમમાં લઈ જશે અને ફ્લોરોસ્કોપી ટેબલ પર આવવા માટે તમારી મદદ કરશે. આ ટેબલ ગાદીવાળું છે જેથી સ્કેન દરમિયાન તમે આરામદાયક સ્થિતિમાં રહી શકો. તમારા ટેક્નોલોજીસ્ટ ખાસ પર્કારના પટ્ટા વડે તમને ટેબલ સાથે સલામત રીતે સ્થિર કરશે. આ એટલા માટે કારણ કે તમારા સ્કેન દરમિયાન ટેબલ સહેજ નમી શકે છે.

ફ્લોરોસ્કોપી ટેબલ પર એક વાર તમે આરામદાયક સ્થિતિમાં આવી જાઓ પછી તમને તમારી પીઠની નીચેના ભાગમાં લોકલ એનેસ્થેટિક (સંબંધિત ભાગને સુન્ન કરવા કે ખોટો પાડવા માટેની દવા) નું એક ઈન્જેક્શન (શોટ) આપવામાં આવશે.

એ ભાગ સુન્ન થઈ ગયા પછી તમારા રેડિયોલોજીસ્ટ તમારી કરોડરજ્જુની નાળમાં એક સોય દાખલ કરશે. તમારી પીઠની નીચેના ભાગે તમને થોડા દબાણનો અનુભવ થશે પણ તમારે સ્થિર રહેવાનું છે. તમારી કરોડરજ્જુમાંથી થોડી માતર્ામાં પર્વાહી બહાર કાઢવા તમારા રેડિયોલોજિસ્ટ એક સોયનો ઉપયોગ કરશે. પર્વાહી બહાર નીકળી ગયા પછી કોન્ટર્ાસ્ટ ડાઈ ઈન્જેક્ટ કરવા માટે પણ તેઓ આ સોયને જ ઉપયોગમાં લેશે.

કોન્ટર્ાસ્ટ ડાઈ ઈન્જેક્ટ થઈ ગયા પછી, સ્કેનીંગ ટેબલને સહેજ તર્ાંસુ કરવામાં આવશે અને કોન્ટર્ાસ્ટ ડાઈ

તમારી કરોડરજ્જુની નાળમાં ઉપરથી નીચે સુધી પ્રસરી જાય એ માટે તમને ધીમેથી આગળ પાછળ હલાવવામાં તમારા ટેકનોલોજિસ્ટ તમને મદદ કરશે. પછી તમારા રેડિયોલોજિસ્ટ કોન્ટ્રાસ્ટ ડાઈ તમારી કરોડરજ્જુની નાળમાં બધી જગ્યાએ પ્રસરી ગયેલ છે કે નહીં એની તપાસ કરવા ખાસ પ્રકારના એક્સ-રે નો ઉપયોગ કરશે. એક વાર કોન્ટ્રાસ્ટ પ્રસરી જાય પછી તમારા રેડિયોલોજિસ્ટ સોય બહાર કાઢશે અને જ્યાં સોય મૂકવામાં આવી હતી એ ભાગ પર એક નાનકડું ડ્રેસીંગ (પાટો) મૂકશે.

ત્યારબાદ તમારું કમ્પ્યુટેડ ટોમોગ્રાફી (CT) ઇમેજીંગ સ્કેન કરવામાં આવશે. આ સ્કેન તમારી કરોડના મણકાં (તમારી પીઠના હાડકા), તમારા મણકા વચ્ચેની જગ્યા અને કરોડજ્જુર્ સહિત તમારી કરોડના ફોટા લેશે. સ્કેન દરમિયાન તમારે સ્થિર રહેવું અગત્યનું છે.

આ આખી પ્રોસીઝરમાં 30 થી 40 મિનિટનો સમય લાગશે.

તમારા માયલોગ્રામ પછી જો તમારી રેડિએશન સિમ્યુલેશનની અપોઈન્ટમેન્ટ હોય તો તમને MSK દર્દી પરિવહન સેવા દ્વારા તમારી સિમ્યુલેશન અપોઈન્ટમેન્ટ માટે લઈ જવામાં આવશે.

# તમારી પ્રક્રિયા પછી

તમારું માયલોગ્રામ પૂરું થઈ ગયા પછી, તમે તમારા કપડાં બદલશો અને તમારી સાથે જે કાંઈ લાવ્યા હો એ એકઠું કરી લેશો. તમારા રેડિયોલોજિસ્ટ તમારા સ્કેનનો રિપોર્ટ તમારા સ્વાસ્થ્ય સારવાર પ્રદાતાને મોકલી આપશે. તમારા સ્વાસ્થ્ય સારવાર પ્રદાતા તમારી ભવિષ્યની સારવારનું આયોજન કરવા માટે તમારા માયલોગ્રામના પરિણામોનો ઉપયોગ કરશે.

## આડઅસરો

તમારા માયલોગ્રામ પછી તમને માથાનો દુ:ખાવો થઈ શકે છે. કેટલીક વખત આ માથાના દુ:ખાવાથી તમને ઉબકા આવતા હોય એમ લાગી શકે છે (તમને ઊલટી થશે એવું લાગ્યા કરે). જો તમને માથાનો દુ:ખાવો હોય તો તમે નીચેની વસ્તુઓ અજમાવી શકો:

- ડૉક્ટરના કાઉન્ટર પરથી મળતી દવા લઈ શકો જેમ કે એસ્ટામાઈનોફેન (Tylenol®).
  - એસ્ટામાઈનોફેન લેતા પહેલા તમારા સ્વાસ્થ્ય સારવાર પ્રદાતા પાસે તપાસ કરાવો. જો તમને લિવર (યકૃત) ની તકલીફ હોય તો એ લેવી તમારા માટે સલામત ન હોઈ શકે.
  - 24 કલાકના સમયગાળાની અંદર 3,000 મિગ્રા કરતા વધુ એસ્ટામાઈનોફેન ન લો.
- આડા પડ્યા રહો. આનાથી તમને સારું લાગી શકશે.
- જેમાં કેફિન હોય એવા પીણાં લો. 1 થી 2 કપ કોફી કે ચા અથવા સોડા જેવા બીજા કોઈ કેફિનયુક્ત પીણા પીવાનો પ્રયાસ કરો.
- જો 2 દિવસની અંદર તમારા માથાનો દુ:ખાવો મટી જતો નથી તો તમારા સ્વાસ્થ્ય સારવાર પ્રદાતાને કોલ કરો.

**તમારા મયલોગરા્મ પછી 24 કલાક સુધી ઈબુપ્રોફેન (Advil®, Motrin®) જેવી NSAID લેશો નહીં.** NSAID થી રક્તસ્ત્રાવ થઈ શકે છે અને નીડલ દાખલ કરેલ જગ્યાએ જલ્દી રૂઝ આવતી નથી. વધુ માહિતી માટે વાંચો *How To Check if a Medicine or Supplement Has Aspirin, Other NSAIDs, Vitamin E, or Fish Oil* (www.mskcc.org/cancer-care/patient-education/common-medications-containing-aspirin-and-other-nonsteroidal-anti-inflammatory-drugs-nsaids).

## ઘરે તમારી જાતે સાર-સંભાળ લેવી

તમારા માયલોગરા્મ પછી તમે તમારો રોજીંદો આહાર લઈ શકો છો, સિવાય કે તમારા સ્વાસ્થ્ય સારવાર પર્દાતાએ તમને બીજી કોઈ સૂચના આપી હોય.

તમારા માયલોગરા્મ પછીના પહેલા 24 કલાક સુધી:

- વાંકા વળવાનું ટાળો.
- સ્નાન કરશો નહીં અથવા તમારા શરીરને પાણીમાં ન રાખો જેમ કે બાથટબ, પૂલ અથવા હોટ ટબ.
- કોઈપણ પર્કારના NSAID લેશો નહીં.
- સખત પર્વૃત્તિઓથી દૂર રહો. કોઈ ભારે કામ ન કરો, ભારે રમત ન રમો અથવા ભારે વસ્તુઓ ન ઉચકો.
- કાર ચલાવશો નહીં અથવા કોઈ ભારે મશીનરી ચલાવશો નહીં.
- એરપ્લેનમાં મુસાફરી ન કરશો.
- ઓછામાં 8 થી 10 ગ્લાસ (8-ઔંશ) પર્વાહી પીવાનો પર્યાસ કરો, સિવાય કે તમારા સ્વાસ્થ્ય સારવાર પર્દાતાએ તમને બીજી કોઈ સૂચના આપી હોય.
- કોઈપણ પર્કારના આલ્કોહોલયુક્ત પીણા ન પીશો.

24 કલાક પછી તમે સ્નાન કરી શકશો અને તમારો પાટો દૂર કરી શકશો.

# તમારા આરોગ્યસંભાળ પર્દાતાને ક્યારે કૉલ કરવો

જો તમને નીચેનામાંથી કંઈ જણાય તો તમારા સ્વાસ્થ્ય સારવાર પર્દાતાને કોલ કરો:

- 100.4° F (38 °C) કે તેથી વધુ તાવ.
- તમારી પીઠ પર જ્યાં સોય મૂકવામાં આવી હતી એ જગ્યાએ ત્વચાની લાલાશ, સોજો આવવો અથવા પર્વાહી નીકળવું. આ ચેપનો સંકેત હોઈ શકે છે.
- તમારી પીઠ પર જ્યાં સોય મૂકવામાં આવી હતી એ જગ્યાએથી રક્ત કે પર્વાહી બહાર નીકળવું. તમારા પાટામાંથી થોડી માતર્ામાં લોહી બહાર દેખાવું એ જો કે સામાન્ય છે.

- પીડા રાહતની દવા લીધા પછી પણ દુ:ખાવો દૂર થતો નથી.
- તમારી પીઠની નીચેના ભાગે કે પગમાં ખાલી ચઢવી કે ઝણઝણાટી થવી.
- 2 થી 3 દિવસ કરતા વધુ સમયથી ચાલતો માથાનો દુ:ખાવો.

If you have questions or concerns, contact your healthcare provider. A member of your care team will answer Monday through Friday from 9 a.m. to 5 p.m. Outside those hours, you can leave a message or talk with another MSK provider. There is always a doctor or nurse on call. If you're not sure how to reach your healthcare provider, call 212-639-2000.

વધુ રિસોસર્ માટે, અમારી વચુર્અલ લાઈબ્રેરી www.mskcc.org/peની મુલાકાત કરો

About Your Myelogram - Last updated on July 1, 2024
તમામ અધિકાર અને માલિકી હક મેમોરિયલ સ્લોન કેટરિંગ કેન્સર સેન્ટર દ્વારા આરક્ષિત છે